એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **''જાહેર ઈ–હરાજી''** થકી **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે. અમે અત્રે કોલ્હાપુર ટાઈમ્સ અને કોલ્હાપુર કેસરીમાં તારીખ 23–4–2024ના રોજ પ્રસિદ્ધ કરેલી અમારી લિલામીની સૂચના પાછી ખેંચી રહ્યા છીએ.

ઋણદાર અને સહ–ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (₹માં)	08.06.2024 ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (₹માં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. દીપક જયપ્રકાશ રાયચૂરા 2. ઈલાબેન દીપકભાઈ રાયચુરા 3. પિયુષ મહેશભાઈ ઠક્કર	સંપત્તિના ખંડ અને ટુકડાંનું બધાંનું સરનામુંઃ **ફ્લેટ નં. 303,** ત્રીજો માળ, જેનું માપ 963.57 ચો. ફૂટ એટલે કે 89.52 ચો. મી. સુપર બિલ્ટ અપ એરીયા અને 619.45 ચો. ફૂટ એટલે કે 57.55 ચો. મી. બિલ્ટ અપ એરીયા થવા જાય છે, જેની સાથે **'માનસરોવર રેસિડેન્સી બિલ્ડિંગ નં. સી-10'**માં રોડ અને કોપ.માં અવિભાજિત હિસ્સો, જે રેવન્યૂ સર્વે નં. 683, બ્લોક નં. 550/એ, જેનું માપ હેક્ટર 7–38–13 ચો. મી., આકાર રૂ. 29.89 પૈસા થવા જાય છે, મોજે ગામ કઠોર, તાલુકોઃ કામરેજ, જિલ્લોઃ સુરત, ગુજરાત ખાતે આવેલ છે. સીમાઓ – પૂર્વે: માનસરોવર પ્લાઝાના લાગુ થતાં બિલ્ડિંગની મિલકત; પશ્ચિમે: સોસાયટીનો રોડ; ઉત્તરે: લાગુ થતાં કોપ.ની મિલકત; દક્ષિણે: લાગુ થતાં બિલ્ડિંગ નં. એ–9ની મિલકત	SRTHL170 00655 & SRTHL170 00701	21 એપ્રિલ, 2024	રૂ. 77,120	રૂ. 2371976.72/-	રૂ. 7,71,200	તમામ ચાલું દિવસે અગાઉથી એપોઈન્ટ મેળવીને સવારે 10.00થી સાંજે 5.30 સુધી	19–07–2024 સવારે 10થી બપોરે 12.00 વાગ્યા સુધી
1. હરેન્દ્રસિંહ રાઠોડ 2. ગિરિજા એચ. રાઠોડ	સંપત્તિના ખંડ અને ટુકડાંનું બધાંનું સરનામુંઃ **પ્લોટ નં. 301,** જેનું માપ 55.81 ચો. મી. થવા જાય છે, **'દાતાર રો હાઉસ'**, જે રેવન્યૂ સર્વે નં. 333, 339, 340, 341 અને 342 એટલે કે બ્લોક નં. 198 ધરાવતી જમીન પર, ગામ સ્યાદલા, તાલુકો ઓલપાડ, જિલ્લો સુરત, ગુજરાત ખાતે આવેલ છે. સીમાઓ – પૂર્વે: પ્લોટ નં. 300; પશ્ચિમે: સોસાયટીનો કોમન રોડ; ઉત્તરે: પ્લોટ નં. 279; દક્ષિણે: સોસાયટીનો કોમન ખુલ્લો પ્લોટ	SRTHL190 00187, SRTHL190 00119	18.05.2024	રૂ.71,792.40	રૂ.. 2382569.10/-	રૂ. 7,17,924	તમામ ચાલું દિવસે અગાઉથી એપોઈન્ટ મેળવીને સવારે 10.00થી સાંજે 5.30 સુધી	19–07–2024 સવારે 10થી બપોરે 12.00 વાગ્યા સુધી
1. સંજયભાઈ મગનભાઈ સાવલિયા 2. લાભુબેન સાવલિયા	સંપત્તિના ખંડ અને ટુકડાંનું બધાંનું સરનામુંઃ પ્લોટ નં. 17, રેવન્યૂ બ્લોક/સર્વે નં. 302/બી/17, 55.94 ચો. મી.ના સાઈટના માપ મુજબ અને 7/12ના માપ હેક્ટર આરે 0–00–62.89 ચો. મી. એટલે કે 62.89 ચો. મી. મુજબ, જેની સાથે **'કાવ્યા રેસિડેન્સી વિભાગ-બી'**માં રોડની જમીન અને સી.ઓ.પી.માં અવિભાજિત હિસ્સો, જે રેવન્યૂ સર્વે નં. 232/1, 232/2, 233/1, 233/2, 234/1, 234/2, બ્લોક નં. 302/બી, જેનું માપ હેક્ટર 1–42–65 ચો. મી. એટલે કે 14265 ચો. મી. આકાર 18.56 પૈસા થવા જાય છે, મોજે ગામ મુલડ, તાલુકોઃ ઓલપાડ, જિલ્લોઃ સુરત, ગુજરાત ખાતે આવેલ છે.	SRTHL180 00439 & SRTHL180 00572	11 એપ્રિલ, 2024	રૂ. 41,016	રૂ. 2371748.50/-	રૂ. 4,10,160	તમામ ચાલું દિવસે અગાઉથી એપોઈન્ટ મેળવીને સવારે 10.00થી સાંજે 5.30 સુધી	19–07–2024 સવારે 10થી બપોરે 12.00 વાગ્યા સુધી
1. નયનકુમાર શંભુભાઈ ગોલકિયા 2. રસિલાબેન શંભુભાઈ ગોલકિયા	સંપત્તિના ખંડ અને ટુકડાંનું બધાંનું સરનામુંઃ પ્લોટ નં. 114, જેનું માપ 40ઽ18 એટલે કે 720 ચો. ફૂટ એટલે કે 66.92 ચો. મી. થવા જાય છે, જે **'ગ્રીનવીલા (રેસિડેન્સી-ચિરાગ)'**, રેવન્યૂ બ્લોક નં. 797/બી, જેનું માપ 12 એકર 13 ગૂંઠા એટલે કે 4 હેક્ટર 93 આરે અને 72 ચો. મી. આકાર રૂ. 00–10 પૈસા થવા જાય છે, મોજે ગામ કુડસડ, તાલુકોઃ ઓલપાડ, જિલ્લોઃ સુરત, ગુજરાત ખાતે આવેલ છે.	SRTHL180 01389 & SRTHL180 01739	11.04.2024	રૂ. 66,240	રૂ. 3854096.92/-	રૂ. 6,62,400	તમામ ચાલું દિવસે અગાઉથી એપોઈન્ટ મેળવીને સવારે 10.00થી સાંજે 5.30 સુધી	19–07–2024 સવારે 10થી બપોરે 12.00 વાગ્યા સુધી

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ 18/07/2024 ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બદ્યા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં ''એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ''ને નામે મુંબઈ ખાતે 19/07/2024 ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, 20/07/2024 ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરેઃ અધિકૃત અધિકારી, એટલે કે, **''નામ – પીયુષ મંદાની, સંપર્ક નં. 9974748946, એલ&ટી ફાઈનાન્સ લિ., ઈકો કોમર્ઝ કોમ્પ્લેક્સ, 3જો માળ, 308થી 311 અને 322થી 326, જી ડી ગોયંકા રોડ, સંગિની અરાઈઝની સામે, વેસુ, સુરત – 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ લિ., ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098.''** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ–હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના અને કોઈ પણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/ રદ કરી શકે છે અથવા ઈ–હરાજી મોકૂફ રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લિખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

સહી/–
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

તારીખઃ 13.06.2024
સ્થળઃ સુરત

સુરત સિવિલ હોસ્પિટલમાં 'કોક્લિયર ઈમ્પ્લાન્ટ'ની સફળ સર્જરી : જન્મથી મૂકબધિર ત્રણ ભૂલકાઓને મળ્યું નવજીવન

સરકારની RBSK યોજના અંતર્ગત સારાંશી, અંશ અને તસ્મયને 'કોક્લિયર ઇમ્પ્લાન્ટ' થકી 'વાણી-શ્રવણ'નું સુખ મળ્યું

સરકારની RBSK યોજના અંતર્ગત સારાંશી, અંશ અને તસ્મયને 'કોક્લિયર ઇમ્પ્લાન્ટ' થકી 'વાણી-શ્રવણ'નું સુખ મળ્યું

(ખાસ અહેવાલઃ અભિષેક ગામીત)

સુરતઃ જન કલ્યાણને સર્વોપરિ રાખી વિવિધ યોજનાઓના માધ્યમથી જન જન સુધી પહોંચતી રાજ્ય સરકારના 'રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ' અંતર્ગત સુરતની નવી સિવિલ હોલ્ખિટલ ખાતે 'કોક્લિયર ઈમ્પ્લાન્ટ'ની વિનામૂલ્યે સફળ સર્જરી કરવામાં આવી છે. પ્રાઈવેટ હોલ્ખિટલમાં થતાં રૂ. ૮ થી ૧૦ લાખના ઓપરેશન ખર્ચના સ્થાને રાજ્ય સરકારની સહાયથી વિનામૂલ્યે સફળ સારવાર કરાઈ. સુરતના ઓલપાડ તાલુકાના સતિશકુમાર પટેલનો પાંચ વર્ષનો દિકરો તસ્મય જન્મથી જ મૂકબધિર (બોલી અને સાંભળી ન શકતા) અને કામરેજ તાલુકાના નનસાડ ગામના યોગેશભાઈ જગદાલેની બે વર્ષની દિકરી સારાંશીને 'કોક્લિયર ઈમ્પ્લાન્ટ' થકી 'વાણી-શ્રવણ'નું સુખ મળ્યું છે. સુરત શહેરના વરિયાળી બજાર, ધાસ્તિપુરા ખાતે રહેતા રાહુલભાઈ રાઠોડનો ૫ વર્ષીય દિકરાની સર્જરી કરવામાં આવી છે. સુરત સિવિલના નિષ્ણાત તબીબોએ સાથે મળી ત્રણેય બાળકોની સફળતાપૂર્વક સર્જરી કરી છે.

સારાંશી, અંશ અને તસ્મયના પરિવારે પ્રાઈવેટ હોલ્ખિટલમાં તપાસ કરાવતા આશરે ૮ થી ૧૦ લાખ જેટલો ખર્ચ થતો હોવાનું માલૂમ પડ્યું હતું. જે આ મધ્યમવર્ગીય પરિવારોને આર્થિક રીતે પોષાય તેમ ન હતું. પરંતુ 'રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ' તેમના માટે આશીર્વાદરૂપ બન્યો અને સુરતની નવી સિવિલ તજજ્ઞ તબીબોએ આ બંને ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યા છે.

સુરત સિવિલના ઈ.ચા.તબીબી અધિક્ષક ડો. જીગીશા પાટડીયા વિગતો આપતા જણાવ્યુ હતુ કે, સુરત નવી સિવિલ હોલ્ખિટલ ખાતે ખુબ ટુંકા સમયમાં ૩ બાળકોની 'કોક્લિયર ઈમ્પ્લાન્ટ'ની સફળ સર્જરી કરવામાં આવી છે. પિડિયાટ્રીસિયન, એનેશથેશિયા અને વિભાગની ટીમ બાળકોનું નિરીક્ષણ અને પરીક્ષણ કર્યુ અને વિભાગ દ્વારા ઓપરેશન કરવામાં આવ્યુ હતું. લાખો રૂપિયાની કિંમતના કોક્લિયર ઈમ્પ્લાન્ટ જે સરકાર તરફથી વિનામુલ્યે ઉપલબ્ધ કરવામાં આવે છે. ઓપરેશન કર્યા બાદ બાળકોને રિહેબિલીટેશનની જરૂરી હોઈ જેમાં બાળક સાંભળતું, સમજતું થયુ છે, બાળક પોતાની નોર્મલ લાઈફમાં કઈ રીતે આવે તે માટેના પ્રયત્નો ટીમ દ્વારા કરવામાં આવે છે.

કોક્લિયર ઈમ્પ્લાન્ટ' વિષે વધુ વિગતો આપતા સુરત સિવિલના વિભાગની ડો.પ્રાંચી રોયે જણાવ્યું હતું કે, સુરત સિવિલ હોલ્ખિટલ ખાતે અત્યાર સુધીમાં ૧૨ સર્જરીઓ કરવામાં આવી છે. તાજેતરમાં જ ૩ સર્જરી કરવામાં આવી છે, આ સર્જરી બહાર કરાવવામાં આવે તો તેના ઈમ્પ્લાન્ટની કિંમત જ ૭ થી ૧૦ લાખનીમાં થાય પણ આ સર્જરી સરકારની યોજનામાં વિના મૂલ્યે કરવામાં આવે છે. સુરત સિવિલના વિભાગની સાથે પિડિયાટ્રીસિયન, એનેશથેશિયા વિભાગ મળીને સફળ સર્જરીઓ કરવામાં આવી છે. બાળકોને રિહેબિલીટેશનની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય છે કે, ૬ વર્ષ કે તેથી નાના, જન્મથી મૂકબધિર બાળકોને 'કોક્લિયર ઈમ્પ્લાન્ટ' અને ત્યાર બાદના રિહેબિલીટેશન (પુનર્વસન)ની સંપૂર્ણ સારવાર માટે રૂ.૮ લાખથી વધુનો ખર્ચ થાય છે. તેમાં ઓપરેશન પહેલા કે દરમિયાનની લ્બ્ર્ક્નિંગ, ટેસ્ટ, ઓપરેશન, વેક્સીનેશન તેમજ રિહેબિલીટેશનના તમામ ખર્ચનો સમાવેશ થાય છે, જે સંપૂર્ણપણે સરકારની ? યોજના અંતર્ગત નિઃશુલ્ક આપવામાં આવે છે.

નવી સિવિલમાં સફળ'કોક્લિયર ઈમ્પ્લાન્ટ'માં સુરત સિવિલના વિભાગના વડા ડો.જૈમિન કોન્ટ્રાકટર, ડો.ગુણવંત પરમાર દાંત વિભાગના વડા, આર.એમ.ઓ.ડો કેતન નાયક, નર્સિંગ કાઉન્સિળલના ઉપપ્રમુખશ્રી ઇકબાલ કડીવાલા, સહિત નર્સિંગ સ્ટાફ, ઓ.ટી.સ્ટાફ અને સહાયક કર્મચારીઓએ સફળ સર્જરીમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

કામરેજ તાલુકાના નનસાડ ગામના યોગેશભાઇ જગદાલે જણાવે છે કે, મારી દીકરીને સાંભળવામાં તકલીફ છે એ ત્યારે ખબર પડી જ્યારે બાળકી ધ્યાન આપતી ન હતી. અમને શંકા જતાં કામરેજમાં ખાનગી ડોકટરને બતાવી રિપોર્ટ કરાવ્યા હતો અને તેમણે જણાવ્યું કે તે સાંભળી શકતી નથી જેનો સારવાર ખર્ચ ૮ થી ૧૦ લાખ થશે. ત્યાર બાદ કામરેજ આરોગ્ય ખાતામાં બતાવ્યું તેમને સુરત સિવિલ જવા જણાવ્યું. સુરત સિવિલ લાવવામાં આવી. અહી ડોક્ટરોએ યોગ્ય નિદાન કરી તેની સફળ વિના મુલ્યે સર્જરી કરી છે જે હાલ અમારી દિકરીની હાલત સ્થિર છે. આ વિના મુલ્યે સારવાર માટે અમે સરકારના આભારી છીએ.

ઓલપાડ તાલુકાના ઓરમા ગામના સતિપકુમાર પટેલ જણાવે છે કે, મારા પિતા દ્વારા મને જાણવા મળ્યું કે આપણું બાળક બોલતું નથી અને રિસ્પોન્સ આપતું નથી. ત્યાર બાદ નજીકની હોલ્ખિટલમાં સારવાર માટે લઈ ગયા હતા અને રિપોર્ટ કરાવ્યા અને ડોકટર કહ્યું બાળક સાંભળી શકતું નથી ઓપરેશન કરાવું પડશે જેનો ૮ થી ૧૦ લાખનો ખર્ચ થશે એમ જણાવ્યું હતું. અમને જાણવા મળ્યું કે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સુરત સિવિલ હોલ્ખિટલ ખાતે વિના મૂલ્યે સારવાર ઉપલબ્ધ છે. અમે અમારા દીકરાને સિવિલ હોલ્ખિટલ ખાતે લઈ આવ્યા જ્યાં તેનું વિના મૂલ્યે ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન પછીના તમામ રિપોર્ટની કાર્યવાહી પૂર્ણ કરતાં અમારો દીકરો પણ સામાન્ય બાળકની જેમ સાંભળતો થયો છે.

પહેલા પાનાનુ અનુસંધાન

આંધ્ર પ્રદેશમાં ચોથી વખત

રેડ્ડી સમુદાયના ૩ નેતાઓને મંત્રીમંડળમાં સામેલ કરાયા છે. જ્યારે વૈશ્ય સમુદાયના ૧ નેતાને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. ચંદ્રબાબુ નાયડુ ખુદ કમ્મા સમુદાયમાંથી આવે છે જ્યારે પવન કલ્યાણ કાપુ સમુદાયમાંથી આવે છે. ૭૪ વર્ષીય ચંદ્રબાબુ નાયડુએ ૧૯૭૦ના દાયકામાં કોંગ્રેસ સાથે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી.. તેઓ ૧૯૭૮માં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા અને ૧૯૮૦ થી ૧૯૮૨ સુધી રાજ્યની કોંગ્રેસ સરકારમાં મંત્રી રહ્યા હતા. તેલગૂ દેશમ પાર્ટીનો દ્વ્ઢછમાં સામેલ થવાનો કિસ્સો પણ રસપ્રદ છે. ટીડીપી ૧૯૯૬માં એનડીએમાં સામેલ થઈ હતી. આ પાર્ટી ૧૯૯૮માં વાજપેયી અને ૨૦૧૪માં નરેન્દ્ર મોદીની સરકારમાં ગઠબંધનનો ભાગ હતી. ટીડીપી-ભાજપ ૨૦૧૪માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે લડ્યા હતા. મોદી સરકારે આંધ્રપ્રદેશને વિશેષ શ્રેણીનો દરજ્જો આપવાનો ઇંનકાર કર્યા બાદ ૨૦૧૮માં ્ઢ દ્વ્ઢછમાંથી બહાર થઈ ગઈ હતી. આ પછી પીએમ મોદી અને નાયડુએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન એકબીજા વિરુદ્ધ ઘણા નિવેદનો આપ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહે ફેબ્રુઆરી ૨૦૧૯માં જાહેરાત કરી હતી કે નાયડુ માટે દ્વ્ઢછના દરવાજા હંમેશ માટે બંધ છે. ૫ વર્ષ પછી, નાયડુ અને શાહ જૂન ૨૦૨૩માં મળ્યા હતા. ત્યારબાદ માર્ચ ૨૦૨૪માં બંને પક્ષો ફરી એક થયા.

ટીડીપીએ નાયડુના નેતૃત્વમાં ૧૯૯૯ની ચૂંટણી જીતી હતી. નાયડુ બીજી વખત સીએમ બન્યા અને ૨૦૦૪ સુધી સત્તામાં રહ્યા. ત્યારે આંધ્રપ્રદેશ અને તેલંગાણા એક રાજ્ય હતા. વિધાનસભામાં કુલ ૨૯૪ બેઠકો હતી. જેમાંથી ટીડીપીએ ૧૮૦ સીટો જીતી હતી. નાયડુ આગામી ૧૦ વર્ષ સુધી સત્તાથી દૂર રહ્યા.

આંધ્ર પ્રદેશમાં હાલમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ટીડીપી અને સાઉથના સુપરસ્ટાર પવન કલ્યાણની પાર્ટી જનસેના સાથે મળીને ચૂંટણી લડી હતી. આ ગઠબંધનને રાજ્યમાં ૧૬૪ સીટો મળી છે. જેમાથી ટીડીપીને ૧૩૫, જનસેના પાર્ટીને ૨૧ અને ભાજપને ૮ સીટ મળી છે. વિધાનસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચને સોંપેલા સોગંદનામા મુજબ નાયડુ પાસે ૯૩૧ કરોડ રૂપિયાની ચલ અને અચલ સંપત્તિ છે. જ્યારે તેની ઉપર ૧૦.૩૮ ક રોડ રૂપિયાનું દેવું પણ છે.

દમણ-દીવના સાંસદ

સાંસદ ઉમેશ પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉમેશ પટેલે જણાવ્યું હતું કે ચૂંટણી દરમિયાન તેમણે મેનિફેસ્ટોમાં લોકોને જે વચનો આપ્યા છે તે તમામ પુરા કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ જીત મારી નહીં પણ જનતાની જીત છે.

દાદરા અને નગર

તેનાથી વિપરીત ડાયવર્ટ કરવામાં આવશે. આ ક્રમમાં, સિલવાસા તરફ આવતા તમામ ભારે અને વ્યાપારી વાહનો ભીલાડથી સિલવાસા તરફ સામાન્ય રીતે આવી શકશે. તમામ પેસેન્જર અને હળવા મોટર વાહનો સામાન્ય રીતે ચાલી શકે છે.

દમણના ફ્લેટમાં

ફ્લેટમાંથી કાળા ધુમાડા નીકળતા જોઈને લોકો ચોંકી ઉઠ્યા હતા. દમણ ફાયર વિભાગ દ્વારા ફ્લેટમાં લાગેલી આગને લગભગ અડધા કલાકમાં કાબૂમાં લેવામાં આવી હતી.

દીવમાં વિશ્વ બાળ મજૂરી વિરોધી

કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ બાળ મજૂરી વિરોધી શપથ લીધા હતા. આ શપથમાં એવો સંકલ્પ કરવામાં આવ્યો હતો કે તેઓ તેમના અંગત અને વ્યવસાયિક જીવનમાં બાળ મજૂરીને માત્ર સમર્થન નહીં આપે પરંતુ તેની સામે જાગૃતિ ફેલાવવા અને તેની નાબૂદી માટે સક્રિય -યાસો પણ કરશે.

યોગ દિવસ-૨૦૨૪

અને આયુષ પંચકર્મ ચિકિત્સક ડો.દેવદત્ત ઠુમ્મર આ વર્ષની થીમ મુજબ સમાજના વિવિધ સ્તરે યોગના વિસ્તરણ માટે સતત -યાસો કરી રહ્યા છે. પંચાયતથી લઈને સ્થાનિક શાળાઓના શિક્ષકો અને બાળકો સુધી, તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિવિધ સ્તરે યોગાભ્યાસનું આયોજન કરી રહ્યા છે. આયુષ વિભાગ પીએચસી કચીગામ ઓ.પી.ડી ૧૦૨ યોગ નિષ્ણાંતો સવારે અને સાંજે નિયમિત યોગ તાલીમ અને -વૃત્તિઓ માટે હાજર રહેશે અને નિયમિત યોગ હોલમાં પ્રવૃત્તિઓ ચાલુ રહેશે.દમણના તમામ રહેવાસીઓને આગામી ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લેવા વિનંતી કરવામાં આવી છે.

સેલવાસની સનફાર્મા કંપનીના

સંચાલકો દ્વારા ઈન્દોર ખાતેના નવા પ્લાન્ટમાં શીફ્ટ થવા અથવા તો નોકરીમાંથી રાજીનામુ આપી દેવા માટે જણાવતા કર્મચારીઓમાં ફફડાટ જોવા મળ્યો હતો. સંઘ-દેશમાં હજારોની સંખ્યામાં અઔદ્યોગિક એકમો આવેલા છે, જેમાં મોટાભાગે પર-ાંતીય લોકોનું જ દરેક વિભાગના વર્ચસ્વ છે, અહીંના મૂળ નિવાસીઓને વર્ષોથી અન્યાય કરવામાં આવી રહ્યો છે. કંપની દ્વારા -દેશ બહાર સ્થાનિકોને નોકરી માટે જવા દબાણ કરાઈ રહ્યું છે. -ામ વિગત અનુસાર સેલવાસના પીપરીયા વિસ્તારમાં આવેલ સનફાર્મા કંપનીમાં કર્મચારીઓ રાબેતા મુજબ સવારે નોકરી પર આવી ગેટ પર એમના મોબાઈલો જમા કરાવી પોતપોતાના કામે લાગી ગયા હતા. સવારે દસ વાગ્યાના સુમારે મુંબઈ હેડ ઓફિસના અધિકારીઓની ટીમ આવ્યા બાદ વીસ વર્ષ કે તેથી વધુ સમયથી કંપનીમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓને અલગ અલગ ગાડીઓમાં બેસાડી અલગ અલગ હોટલોમાં લઈ જઈ તેઓને જણાવેલ કે તમારે હવે ઈન્દોર ખાતેના નવા પ્લાન્ટમાં નોકરી કરવાની છે અને જે કોઈએ ત્યાં નહીં જવું હોય તો અત્યારે જ અમને નોકરીમાંથી રાજીનામું આપી દો. તે સમયે કર્મચારીઓએ અધિકારીઓને જણાવેલ કે અમને થોડો સમય આપો જેથી અમારા પરિવાર સાથે વાતચીત કરીએ. પરંતુ કંપનીના અધિકારીઓએ કર્મચારીઓની વાતને અસ્વીકાર કર્યો હતો. ત્યારબાદ જે કર્મચારીઓને અલગ અલગ હોટલોમાં લઈ જવામાં આવ્યા હતા તેઓને પરત કંપની બહાર છોડી મુકવામાં આવ્યા હતા. આ ઘટના અંગે દાનહ -શાસનના લેબર વિભાગના અધિકારીને જાણ કરાતા તેઓ તાત્કાલિક કંપનીમાં પહોંચી ગયા હતા અને કંપની સંચાલકો સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ સુખદ નિવેડો લાવવાનો -યાસ કરવાની કોશિશ કરી હોવાની જાણકારી મળતા કર્મચારીઓમાં થોડી રાહતની લાગણી જોવા મળી હતી. હાલમાં તો અંદાજીત પચાસથી વધુ કર્મચારીઓની બદલી અથવા તો નોકરી જવાના બીકે નિરાશામાં ગરકાવ થયા હોવાનું જાણવા મળ્યું હતું. બીજી બાજુ કંપની સંચાલકોએ ૧૭ જૂન, ૨૦૨૪ સુધીમાં કર્મચારીઓને પોતપોતાનો નિર્ણય જણાવવા જણાવ્યું છે. નહીંતર તેઓએ ઈન્દોર જવાની તૈયારી રાખવી પડશે ક્યાં તો નોકરી છોડવી પડશે. અથવા અન્ય અલગ અલગ રાજ્યમાં આવેલા કંપનીના પ્લાન્ટમાં જવા અંગેની વિચારણા કરવા કર્મચારીઓને મહેતલ આપી હતી.

દમણમાં સરકારી શાળાના

મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો શીખવવામાં આવે છે. આ ક્રમમાં, તાલીમ કાર્યક્રમમાં સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવી છે, જેમાં કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને રમતગમત દ્વારા નવા કૌશલ્યો શીખ્યા હતા અને કર્મચારીઓમાં સમુદાયની ભાવનાને પણ પ્રોત્સાહન આપ્યું હતું, જેનાથી એકતા અને સહકારની લાગણી મજબૂત થાય છે. આ કાર્યક્રમ દરમિયાન કેટલીક રમતગમતની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કર્મચારીઓએ માત્ર ફૂટબોલ જ નહીં પરંતુ ટીમ બનાવવાની કસરતો અને અન્ય મનોરંજક -વૃત્તિઓમાં પણ ભાગ લીધો હતો.

છેલ્લા પાનાનુ અનુસંધાન

####